## જન્મદિને વધામણી



એન પી પટેલ
મેનેજિંગ ડિરેક્ટર
વેસ્ટર્ન એગ્રી સીડ્સ
પ્રમુખ, કલાગુર્જરી અને
રોટરી ક્લબ ઓફ ગાંધીનગર
મો. ૯૯૨૫૦ ૩૨૬૧૮



ઉર્પલ રામભાઈ જોષી
મો. ૯૮૯૮૧ ૧૦૬૫૪



જયા અનિલભાઈ ચૌહાણ
મો. ૯૮૨૫૩ ૩૪૧૫૫



આંશી પૂર્વાંગ ગાંધી
મો. ૯૮૨૪૦ ૪૭૬૬૯



અનશુમાન મનન શાહ
મો. ૯૦૯૯૯ ૨૭૬૬૯



ધૈર્યરાજ નિરવ કાંતાર

# કૉલેજમાં કારગીલ વિજય દિવસની ભવ્ય ઉજવણી



ઍલડીઆરપી આઈટીઆરમાં કારગીલ દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. કૉલેજના ઍનસીસી કૅડેટ્સ દ્વારા કારગીલ યુદ્ધ ઉપર જે વીર જવાનો શહીદ થયા હતા એમની શહાદને બિરદાવતું નાટક રજૂ કરવામાં આવ્યું હતું. કૅડેટ્સ દ્વારા આ પ્રસંગે શહીદોને સલામી આપી શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. કૉલેજનાં પ્રિન્સિપાલ ડૉ. ગાર્ગી રાજપરા, તમામ વિભાગના વડા, શિક્ષકો તથા વિદ્યાર્થીઓએ ભાવપૂર્વક આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કૉલેજના ઍસોસિએટ ઍનસીસી ઑફિસર લેફ. નોરીન વૈપના દ્વારા કરવામાં આવ્યું હતું.

# પ્રેરણા વિદ્યાલયનું ગૌરવ વધારતો હર્ષદ

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લા રમતગમત અધિકારીની કચેરી દ્વારા તાજેતરમાં તરણ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં પ્રેરણા વિદ્યાલયના વિદ્યાર્થીઓએ ભાગ લઈ ઉત્કૃષ્ટ દેખાવ કર્યો હતો. ૫૦ મીટર ફ્રી સ્ટાઈલ, ૧૦૦ મીટર ફ્રી સ્ટાઈલ અને



૫૦ બૅક સ્ટ્રોકમાં શાળાના વિદ્યાર્થી હર્ષદ પ્રવીણભાઈ પરમારે પ્રથમ ક્રમનું વિજેતાપદ પ્રાપ્ત કરીને શાળાનું ગૌરવ વધાર્યું હતું. પ્રેરણા વિદ્યાલયના ટ્રસ્ટી પ્રદીપસિંહ બિહોલા અને આચાર્ય મનીષભાઈ ખત્રીએ શાળા પરિવાર વતી હર્ષદને બિરદાવીને અભિનંદ પાઠવ્યા હતા.

# ઍમ બી પટેલ સ્કૂલ કુસ્તી સ્પર્ધામાં વિજેતા



ગાંધીનગર, તા. ૨૮

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ઍમ બી પટેલ ઈંગ્લિશ મીડિયમ સૅકન્ડરી અને હાયર સૅકન્ડરી સ્કૂલના વિદ્યાર્થીઓએ સ્પૉર્ટ્સ ઑથોરિટી ઑફ ઈન્ડિયા ગ્રાઉન્ડ, ગાંધીનગર ખાતે યોજાયેલી જિલ્લા કક્ષાની કુસ્તી સ્પર્ધામાં ચૅમ્પિયનશીપ પ્રાપ્ત કરી શાળાને ગૌરવ અપાવ્યું છે.

સ્કૂલ તરફથી આ સ્પર્ધાના અન્ડર-૧૯ વિભાગમાં ભાગ લઈ નિસર્ગ શર્મા, દિક્ષાંત કોષ્ટી, અભિષેકસિંહ શેખાવત, નિક્ષત મૈયાણી, ધ્રુપતસિંહ રાણાએ પ્રથમ ક્રમ તથા ચંદ્રપાલ, નિહાર ભટ્ટે દ્વિતિય ક્રમ પ્રાપ્ત કર્યો હતો.

અન્ડર-૧૭ વિભાગમાં કુલ ૩ વિદ્યાર્થીઓ - વિશાલ ગોહિલ, પ્રિયાંશુ સિંગ, ધિરેન રાઠોડે પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો હતો. વિદ્યાર્થીઓને તાલીમ સ્કૂલના વ્યાયામ શિક્ષક નદીમ મેમણ દ્વારા આપવામાં આવી હતી. સૌ વિદ્યાર્થીઓ તથા શિક્ષકને પ્રિન્સિપાલ અર્પિત ક્રિશ્ચિયને શાળા પરિવાર વતી બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

### રાજ્યભરમાંથી પસંદગી પામનાર એક માત્ર વ્યક્તિ

# શહેરના અર્પિત ક્રિશ્ચિયન એઍફઍસ વૉલન્ટીયર્સ સમર સમીટ માટે રવાના

## અર્પિત ક્રિશ્ચિયન

આચાર્ય, ઍમ બી પટેલ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલ, સૅ. ૨૩
માતા : રશ્મિતાબેન (નિવૃત્ત શિક્ષક)
પિતા : વિલ્મથભાઈ (નિવૃત્ત સરકારી કર્મચારી)
પત્ની : શેરલ (શિક્ષક, મહિડા, રાજકોટ)
પુત્ર : એનીક (વિદ્યાર્થી, જુનિયર કેજી)



### સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ઍમ બી પટેલ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલના પ્રિન્સિપાલ ઈટલી ખાતે 'ઍજ્યુકેશન ફોર પીસ' વિષય અન્વયે દુનિયાનાં તજજ્ઞો સાથે ચર્ચા કરશે

ગાંધીનગર, તા. ૨૮

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંચાલિત ઍમ બી પટેલ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલના આચાર્ય અર્પિત ક્રિશ્ચિયનની અમેરિકન ફિલ્ડ સર્વિસ (એઍફઍસ) વૉલન્ટીયર્સ સમર સમીટ માટે પસંદગી થઈ છે.

આગામી તારીખ ૩૦ જુલાઈથી ૪ ઑગષ્ટ સુધી વેનિસ, ઈટલી ખાતે આ સમીટ યોજાઈ રહી છે, જેમાં વિશ્વના ૩૦૦ જેટલા સ્વયંસેવકો ભાગ લઈ રહ્યા છે. આ સમીટ માટે સમગ્ર ભારત દેશમાંથી માત્ર ૯ સ્વયંસેવકોની પસંદગી કરવામાં આવી છે, જે પૈકી ગુજરાતમાંથી અર્પિત ક્રિશ્ચિયન એકમાત્ર વ્યક્તિ છે.

આ ૯મી ઍજ્યુકેશન ઑફ વૉલન્ટીયર સમીટમાં ભારતની સ્વયંસેવક ટીમનું નેતૃત્વ એન્જેલિના રોય કરશે. સમીટ અંતર્ગત 'ઍજ્યુકેશન ફોર પીસ' વિષય પર ચર્ચાઓ કરવામાં આવશે અને ચર્ચા દરમ્યાન શાળાઓમાં એઍફઍસને વધુ સારી રીતે કેવી રીતે પ્રમોટ કરી શકાય તે વિષયે સમુહચિંતન કરવામાં આવશે.

અર્પિત ક્રિશ્ચિયનના જીવનનો યાદગાર યોગાનુયોગ એ છે કે ૧૫ જુલાઈએ એમનો જન્મદિવસ છે, આ જ દિવસે એમને ઘેર બીજા પુત્રનો જન્મ થયો છે અને આ જ દિવસે એમની પસંદગી આ સમીટ માટે થઈ હોવાના સમાચાર પણ એમને પ્રાપ્ત થયા છે.

તેઓ શુક્રવારે આ સમીટ માટે રવાના થઈ રહ્યા છે, નગરના શિક્ષણ તેમજ સેવા જગત તરફથી તેમને શુભકામનાઓ પ્રાપ્ત થઈ રહી છે.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
કબાલી (હિન્દી)
૩.૪૫, ૬.૪૫, ૧૦.૦૦
**સ્ક્રીન-૨**
કબાલી (હિન્દી)
૧૨.૩૦
મદારી
૩.૩૦, ૬.૩૦, ૯.૪૫
**સ્ક્રીન-૩**
સ્ટાર ટ્રેક બિયોન્ડ
(૩ડી-અંગ્રેજી)
૪.૦૦, ૧૦.૧૫
સ્ટાર ટ્રેક બિયોન્ડ
(૩ડી-હિન્દી)
૧૧.૪૫, ૨.૦૦, ૭.૦૦
**સ્ક્રીન-૪**
ઈશ્ક ક્લિગ
૧૨.૩૦
સુલતાન
૬.૩૦
કબાલી (તમિલ)
રાત્રે ૯.૩૦
**સ્ક્રીન-૫**
કબાલી
૧૦.૦૦
મદારી
૧૨.૪૫
સુલતાન
૩.૧૫, ૯.૪૫

# શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા વિદ્યાર્થીઓને સન્માનિત કરાયા





## વડીલોને અનાજની કિટનું વિતરણ પણ કરવામાં આવ્યું

ગાંધીનગર, તા. ૨૮

નગરની સેવા સંસ્થા શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા ઍચ પી ઠાકર ઉચ્ચતર માધ્યમિક શાળા, શામળાજી ખાતે ધોરણ-૧૦ તથા ધોરણ-૧૨માં ઉત્તીર્ણ થનારા વિદ્યાર્થીઓને ઈનામરૂપે બૉલપેન સૅટ આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. પંજવાનીસાહેબ તથા મહેશસિંહ વાઘેલાના હસ્તે આ ઈનામો એનાયત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત શાળાના તમામ - ૨૨૦ જેટલા વિદ્યાર્થીઓને પણ બૉલપેન સૅટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ અગાઉ ગોઠ ગામમાં ૬૦ વૃધ્ધોને ૩ કિગ્રા ચોખા તથા ટૉનિકની બૉટલ અને સદ્રેશ્વર મહાદેવ ખાતે ૩૬ વૃધ્ધોને સહાય સામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત નવલપુર, ત્રેપન છાપરા તથા કુસ્કી છાપરાનાં તમામ બાળકોને પૅન્સિલ, ચૉક કલર, ઈરેઝર, શાર્પનર, બૉલપેન તથા નાસ્તો આપવામાં આવ્યો હતો.

# ડિપ્લોમા ઈજનેરીમાં બીજા રાઉન્ડ બાદ ૨૮૮૨૬ બેઠકો ખાલી

## ત્રીજા રાઉન્ડમાં જવું ન હોય એવા વિદ્યાર્થીઓ માટે ૧ ઑગષ્ટથી કોલેજ શરૂ કરાશે

ગાંધીનગર, તા. ૨૮

ધો.૧૦ પછીના ડિપ્લોમા ઈજનેરીમાં પ્રવેશ માટે ગત તા.૭મી જૂનથી પ્રવેશ પ્રક્રિયા શરૂ કરાઈ હતી. કુલ ૬૦૬૧૮ બેઠકો માટે શરૂ થયેલી પ્રવેશ પ્રક્રિયાના બે રાઉન્ડ પુરા કર્યા બાદ હવે ૩૪૨૦૦ વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવી દેવાયો છે. જેની સામે ૨૮૮૨૬ બેઠકો ખાલી પડી છે. આ ખાલી પડેલી બેઠકોનું શું કરવું તેની સત્તાવાર જાહેરાત હવે પછી કરાશે. ડિપ્લો ઈજનેરીમાં ૬૦૬૧૮ સરકારી બેઠકો અને ૬૩૦૭ મેનેજમેન્ટ ક્વોટાની બેઠકો મળી કુલ ૬૬૯૨૫ બેઠકો માટે પ્રવેશ પ્રક્રિયાની જાહેરાત કરાઈ હતી. ઓનલાઈન પ્રક્રિયામાં ૫૦૫૭૧ વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું હતું.

વિદ્યાર્થીઓએ આપેલી ચોઈસના આધારે પહેલા રાઉન્ડમાં ૩૭૬૧૭ વિદ્યાર્થીઓને બેઠકો ફાળવાઈ હતી. જેમને પ્રવેશની ફાળવણી કરાઈ તેઓને ફી ભરવા માટે નિશ્ચિત સમયમર્યાદા આપવામાં આવી હતી. જેમાં ૨૭૧૭૪ વિદ્યાર્થીઓએ પોતાનો પ્રવેશ કન્ફર્મ કરાવી લીધો હતો. જેના લીધે ૨૩૧૨૮ બેઠકો ખાલી પડી હતી. આ બેઠકો માટે બીજો રાઉન્ડ એટલે કે રિશફલિંગ પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી. જેમાં ફરીવાર વિદ્યાર્થીઓ આપેલી ચોઈસના આધારે ૩૪૨૦૦ વિદ્યાર્થીઓને બેઠકો ફાળવી આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓને કોલેજ ફાળવવામાં આવી ત્યારબાદ ૨૬૪૧૮ બેઠકો ખાલી પડી હતી. ફી ભરવા માટે અપાયેલા નિયત સમય પછી ખાલી બેઠકોનો આંકડો વધીને ૨૮૮૨૬ જેટલો થયો હતો. આમ, બે રાઉન્ડના અંતે ૨૮૮૨૬ બેઠકો ખાલી પડી હોવાની પ્રવેશ સમિતિ દ્વારા સત્તાવાર જાહેરાત કરી દેવામાં આવી હતી.


હવે આ ખાલી પડેલી બેઠકો માટે ત્રીજો રાઉન્ડ કરવો કે પછી ખાલી બેઠકો ભરવાની સત્તા સીધી કોલેજ સંચાલકોને સોંપી દેવી તે અંગે હજુ સુધી કોઈ નિર્ણય કરવામાં આવ્યો નથી. સામાન્ય રીતે ખાલી પડનારી બેઠકો ભરવાની સત્તા કોલેજ સંચાલકોને સોંપી દેવામાં આવતી હોય છે. પરંતુ ડિપ્લોમા પ્રવેશ સમિતિ દ્વારા હજુ સુધી કોઈ નિર્ણય કરાયો નથી. આ અંગે પ્રવેશ સમિતિના સભ્યોનો સંપર્ક કરતાં તેઓ મળી શક્યા નહોતા.

# લુપ્ત થઈ રહેલો મધુર અહેસાસ : પત્રલેખન



જીવન ઉપવન
મહેન્દ્ર એમ ત્રિવેદી

માનવજીવન અણમોલ અને અજબ છે. તેમાં બધા જ રંગ, ભાવના, વૃત્તિ, પ્રવૃત્તિ, સ્પંદન, અહેસાસ અવિરત જોડાયેલા રહે છે. એટલે જ માનવીનું માનવ બની રહેવું ખૂબ જ આવશ્યક છે. માનવના ચહેરા પાછળ દાનવ હોય તો પૃથ્વી ઉપર દશાનની પ્રવૃત્તિ વધ્યા વિના રહે જ નહીં. ઘરની બહાર નીકળે પછી પ્લે હાઉસ, સ્કૂલ, હાઈસ્કૂલ પછી કૉલેજ અને વધુ ઉચ્ચ અભ્યાસ માટે મહાવિદ્યાલય આ એક ક્રમ નક્કી થયેલો છે. ચાલતાં-બોલતાં રહીશું ને ઘરની બહાર દુનિયામાં જવાની શરૂઆત થાય પછી શિક્ષણ સંસ્થાના માહોલની એક ઝલક મળતી થાય છે. અને એ જ સમયથી બાળકને સંઘ ભાવના, સહવાસ, મૈત્રી વગેરેના અમૂલ્ય પાસાઓનો ખ્યાલ આવતો થઈ જાય છે ! મિત્રતા એટલે શું ? એ પણ અનુભૂતિ કે અનુભવ મળવા લાગે છે. બાળ ઉછેરથી જ સંસ્કારની ખરી શરૂઆત થઈ જતી હોય છે. બચપણમાં જે પ્રાપ્ત થાય તે આજીવન માણસના દિલોદિમાગમાં યાદ રહી જાય છે. કુમળા માનસપટ ઉપર બધું ઝડપથી અને ભાવાત્મક રીતે અંકિત થતું હોય છે. ભારતમાં ગરીબી અને મોંઘવારીની ખરી અને કપરી અસર જો કોઈને થઈ રહી હોય તો તે બાળકોને થઈ રહી છે. કુપોષણ એમાં મુખ્ય અસર છે. ભણવાનું જીવનમાં શરૂ થાય પછી તેમાં વિવિધ વિષયો આવે. ભાષા, ઈતિહાસ, ભૂગોળ, ગણિત વગેરે અને ઋચિ મુજબ આ વિષયોમાંથી જ કોઈક વિષય બાળકને કંઈક જીવનમાં કારકિર્દીરૂપે ભેટ આપે છે. વિષયો ચીલાચાલુ રહ્યા કરે છે અને ભણતરનું ગાડું ચાલ્યા કરે છે. સાધનોમાં કદાચ વૈવિધ્ય આવ્યું છે પરંતુ મૂળભૂત રીતે શિક્ષણમાંથી ગુણવત્તા ક્રમશઃ ખોઈ રહ્યા છીએ. શિક્ષણ એ દેશનું મુખ્ય સંરક્ષણ કહેવાય છે. આપણે અમૃત જેવા શિક્ષણનું પૂરું વ્યાપારીકરણ કર્યું છે.




ભાષાઓ શીખવી અને તેના દ્વારા પુસ્તકોનું વાચન કરવું અને સમય ઉચિત મળે તો ઉદ્‌બોધન કરવું કે લખવું આ પ્રક્રિયામાં ોટ આવી અને પત્રલેખન જેવી કળા હવે લુપ્ત થઈ ગઈ છે. પત્ર લખવો એ પણ કૉમર્સ વિદ્યાશાખામાં કૉલેજ કક્ષાએ એક વિષય શીખવવામાં આવતો એક જમાનામાં. ઍસઍસસીની કસોટીમાં ટાઈપિંગ પણ એક વિષય તરીકે સ્વીકૃત હતો. ટાઈપિંગ શીખવા માટે વિદ્યાર્થીઓ ક્લાસિસમાં જતા. પત્રલેખન એ લાગણીઓ-ઊર્મિઓ વ્યક્ત કરવાનું એક ઉમદા માધ્યમ ગણાતું અને સિનેસૃષ્ટિમાં પ્રેમ ઉપર પ્રેમપત્રોને કેન્દ્રમાં રાખીને ગીતો લખવામાં આવતાં. એટલું જ નહીં, આ પ્રકારનાં ગીતો આજે પણ એટલાં જ સ્વીકૃત, સુમધુર અને લોકપ્રિય છે ! પત્ર લખવો એ એક કલા માનવામાં આવે છે, જેમાં યોગ્ય સંબોધન, શરૂઆત, કેન્દ્ર બિન્દુ કે મૂળ વિષય અને ઉષ્માભર્યો અંત અને આ પ્રકારના પત્રમાં વપરાતા શબ્દો તથા ભાષા એ સામેની વ્યક્તિના દિલને કે વિચારોને ઢંઢોળી શકે ! કમનસીબ ઘટના એ છે કે પરિવર્તન આવતું જ રહે છે. બીજું, ભાષા પરત્વેની પોતિકી મમતા ઘટી ગઈ છે. ત્રીજું, વ્યાકરણ, શુદ્ધ લખાણ, ઉચ્ચારણની ચીવટ માટે કોઈને રસ રહ્યો નથી. અને આધુનિક ઉપકરણો જ્યારથી આવ્યાં ત્યારથી હસ્તલેખન પ્રક્રિયા જ ઘાયલ થઈ ગઈ છે. પોસ્ટકાર્ડ, દીવાળી કાર્ડ, આંતરદેશીય કવર હવે ભૂતકાળની વાત બની ગઈ છે. તાર વિભાગ બંધ થઈ ગયો, ઉપરાંત કુરિયર પ્રથા શરૂ થઈ તે પછી પોસ્ટલ વિભાગની કામગીરી પુષ્કળ રીતે ઘટી ગઈ છે. નાની બચતની પ્રવૃત્તિમાં પણ ટપાલ વિભાગનું કામ ઘટી ગયું છે. કેમ કે બચત ઉત્તેજન માટેની પ્રેરણા જ ગાયબ છે ! પત્રાચારનો અર્થ તમામ પ્રકારનાં પત્રો એમાં વ્યક્તિગત સંસ્થાકિય, સરકારી કે વહીવટી અને અન્ય લોકો દ્વારા લખાતા પત્રોનો સમાવેશ થાય છે. પત્રલેખન એ માનવીના મનનો, ચિત્તનો આયનો ગણવામાં આવે છે.

હસ્તલેખનમાં એક રોમાંચ હતો, સંવેદના હતી એ હવે ઈન્ટરનેટ અને કૉમ્પ્યુટર્સ આવી જતાં તદ્દન ગૂમ થઈ છે. હસ્તાક્ષર ઉપરથી વ્યક્તિના વિવિધ ગુણો, સ્વભાવ વગેરે નક્કી થઈ શકે છે તે વાત આજની યુવાપેઢી જામતી પણ નથી, ઉપરાંત પત્રલેખનની એક મજા હોય છે. તે વિશે પણ અજ્ઞાન પ્રવર્તે છે. ભણતરનો વ્યાપ વધ્યો છે પણ ઊંડાણ વધ્યું નથી. ભણતર એટલે એક ડિગ્રી મેળવવાની લાંબી પ્રક્રિયા એવું સ્થાપિત થયું છે કે નહીં કે કેળવણી કે જે જિંદગીમાં સૌથી વધુ કામ લાગે છે. સેંકડો એકરમાં સંકુલ, ભવ્ય મકાન, આકર્ષક અને અદ્‌ભૂત સુવિધા આ પ્રકારની ખાનગી કે માન્ય યુનિવર્સિટીની જાહેરાતો મીડિયામાં જોતાં લાગે છે કે સંતાનોને ભણવા મોકલવા માટે છે કે ત્યાં ચરવા માટે ! ભાઈ, જેને ઉમદા ભણતરની જબરી જિજ્ઞાસા છે તે બધું જ સહજ ગણીને ભણશે જ. ગુરુ નથી તો તેનું સ્મરણ કરીને આગળ વધશે, તેમાં ભૌતિક ભભકાવાદની જરૂર નથી. પત્રાચાર હવે જે થાય છે તેમાં ઈમેઈલથી કે ઑનલાઈન બધું આવી ગયું છે. એટલે વ્યક્તિગત લાગણીઓ કે જે સ્વહસ્તાક્ષરથી પ્રગટ થતી હતી એ ભૂતકાળનો અહેસાસ થઈ ગયો છે. પરિવર્તનના દૌરમાં પત્રલેખન ગૂમ છે. બધું ઔપચારિકતાની ઝપટમાં દાખલ થઈ ગયું છે એ ખરેખર ઉમદા તત્ત્વ નથી. ગુજરાતી ભાષા માતૃભાષા હોવા છતાં તેના માટે ગર્વની લાગણી ઘટી રહી છે એ ચિંતાનો વિષય છે. 'ભાષાને શું વળગે ? ભૂર. જે રણમાં જીતે તે શૂર' એ ઉક્તિ મુજબ હવે બધાને અંતે જીત જોઈએ છે તેમાં માતૃભાષાનું કચુંબર થઈ રહ્યું છે. ગુજરાતી ભાષાના સમૃધ્ધ વારસાને તથા લોકવારસાને જાળવવા આપણું પ્રશાસન અને શિક્ષણ વિભાગ ઉચિત પગલાં હવે લેશે તેવી એક અપેક્ષા રાખીએ... !

કોણ જાણે કેટલો તરસ્યો હતો
આ કાળ પણ, ધીરે-ધીરે એ બધા
મારા વરસને પી ગયો.
(બેફામ)

# વાચકોને આમંત્રણ

## 'સંવેદના' વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે.

આ વખતનો વિષય છે :

## 'યાદ દાદા-દાદીની'